પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૩૮ | ૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૮, રવિવાર ; ફાગણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# દલિત કર્મશીલના આત્મવિલોપનના પગલે અજંપો

**આજે ગાંધીનગર-અમદાવાદ બંધનું એલાન : દલિત એક્ટીવીસ્ટનો મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોનો ઈન્કાર : જીગ્નેશ મેવાણીએ આપ્યુ અલ્ટીમેટમ : ઠેર-ઠેર ચક્કાજામના દૃશ્યો : ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર, પરેશ ધાનાણી અને જીગ્નેશ મેવાણી સહીતના નેતાઓ ન્યાય અપાવવા મેદાને આવ્યા : પથીકાશ્રમ પાસે ચક્કાજામ કરાયો : મોડી સાંજ સુધી કોઈ ઉકેલ ન આવ્યો**








ગાંધીનગર, તા. ૧૭

પાટણ જિલ્લાની કલેક્ટર કચેરીમાં આત્મવિલોપનનો પ્રયાસ કરનાર દલિત એક્ટીવીસ્ટ ભાનુભાઈ વણકરનું ૩૬ કલાક બાદ ગાંધીનગર નજીકની એપોલો હોસ્પિટલમાં ગત રાત્રીએ મૃત્યુ થઈ ગયુ હતુ. દલિત એક્ટીવીસ્ટ ભાનુભાઈનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લાવવામાં આવ્યો છે. ભાનુભાઈએ જે માંગણીઓને પગલે સમાજ માટે પોતાનું બલિદાન આપ્યુ તે એળે ન જવુ જોઈએ. સરકાર તેમની તમામ માંગણીઓ સ્વિકારે તે ઉપરાંત અન્ય કેટલીક માંગો સરકાર સમક્ષ મૃતકના પરિવારજનોએ મુકીને સવારથી જ મૃતદેહ સ્વિકારવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, દલિત નેતા (અપક્ષ ધારાસભ્ય) જિગ્નેશ મેવાણી, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, પાટીદાર નેતા હાર્દિક પટેલ સહિતના આગેવાનો આવી પહોંચ્યા હતા અને પરિવારને શાંત્વના આપીનો સરકારનો અસંવેદનશીલ સરકાર કહી મૃતકના પરિવારની માંગણીઓને વાજબી ઠેરવી હતી.

એપોલો હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા એક્ટીવીસ્ટ ભાનુભાઈ વણકર હોસ્પિટલમાં દાખલ થયા ત્યારથી જ લાઈફ

● અનુસંધાન પાન-૭ પર

## શુ છે દલિતોની માંગણીઓ ?

- સરકારી પડતર જમીન ફાળવવાની યોજનાને 'ભાનુભાઈ વણકર'નું નામ જોડવામાં આવે.
- એક મહિનામાં દબાણો દૂર કરી જમીન ફાળવણી કરવામાં આવે.
- દુદખા ગામના પરિવારોને ૨૪ કલાકમાં જમીન ફાળવણી કરવામાં આવે.
- ભાનુભાઈના આત્મવિલોપન મામલે એવીઆઈટી રચવામાં આવે.
- સ્વ. ભાનુભાઈને બહાદુરી-હક્કની લડાઈ માટે એવોર્ડ આપવામાં આવે.
- સ્વ. ભાનુભાઈના પુત્ર અને પુત્રવધુની પસંદગીના સ્થળે બદલી કરવામાં આવે.
- પાટણ અને ઊંઝા ખાતે ભાનુભાઈની પ્રતિમા સ્થાપવામાં આવે.

## કરસન સોલંકીને ટપલી દાવ

કડીના દલિત ભાજપી ધારાસભ્ય કરસન સોલંકી સિવિલ હોસ્પિટલ ખાતે ધસી આવ્યા હતા પરંતુ રોષે ભરાયેલા દલિતોએ તેમને ટપલી દાવે ચઢાવ્યા હતા. છેવટે પરિસ્થિતિનો તાગ પામી જતા કરસન સોલંકીએ ત્યાંથી છટકી જવાનું મુનાસિબ સમજ્યુ હતુ.

## અચાનક રેલી સ્વરૂપે ચક્કાજામ કરવા ગયા

એક તરફ પરેશ ધાનાણી, અલ્પેશ ઠાકોર અને હાર્દિક પટેલ સહિત દલિત અગ્રણીઓ સાથે ઈન્ટેલિજન્સ બ્યુરોના આઈજી મામલાને ચુલઝાવવા પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે બીજી તરફથી એક દલિતોનું ટોળુ રસ્તા પર ચક્કાજામ કરવા દોડી ગયુ હતુ અને મોદી હાય...હાય..., ગુજરાત સરકાર... હાય હાય... ના નારાઓ સાથે રસ્તો રોકવા પ્રયાસ કરતા માહોલ ફરી ગયો હતો. આ સમયે પોલીસે તુરંત આશરે આઠેક દલિત અગ્રણીઓને ડિટેઈન કરી લેતા મામલો શાંત પડ્યો હતો.

## કોણ કોણ આવ્યું હતું ?

**દલિતોના સમર્થનમાં**

- હાર્દિક પટેલ, પાટીદાર અનામત આંદોલન નેતા
- જિગ્નેશ મેવાણી, ધારાસભ્ય, વડગામ
- અલ્પેશ ઠાકોર, ધારાસભ્ય, રાધનપુર
- પરેશ ધાનાણી, વિરોધ પક્ષના નેતા, વિધાનસભા
- શૈલેષ પરમાર, ધારાસભ્ય, દાણીલીમડા
- કરસન સોલંકી, ધારાસભ્ય, કડી

**● સરકાર તરફથી**

- આર.બી. બ્રહ્મભટ્ટ, આઈજી, ઈન્ટેલિજન્સ
- મયૂરસિંહ ચાવડા, રેન્જ ડીઆઈજી
- સતિષ પટેલ, જિલ્લા કલેક્ટર
- વિરેન્દ્રસિંહ યાદવ, જિલ્લા પોલીસ વડા

## ન્યુઝ ટ્રેક

### અરવિંદર લવલી પુનઃ કોંગ્રેસમાં

દિલ્હી કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અરવિંદર લવલી ૯ મહિના પછી પુનઃ કોંગ્રેસમાં જોડાયા છે. દિલ્હી નગર નિગમની ચૂંટણી અગાઉ ટીકીટ વહેંચણી મુદ્દે તેઓ કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપ સાથે જોડાયા હતા.

### નાઈજીરીયામાં આત્મઘાતી હૂમલો

નાઈજીરીયાના બોર્નો રાજ્યના એક બજારમાં ત્રણ આત્મઘાતી હૂમલાખોરોએ કરેલા હૂમલામાં ૨૨ લોકોના મૃત્યુ નીપજ્યા છે.

### ચીને પાકને ૫૦ કરોડ ડોલર આપ્યા

પાકિસ્તાને ૫૦ કરોડ ડોલરની લોન માટે ચીનની બેંક સાથે કરાર કર્યો છે. ઘટી રહેલા વિદેશી મુદ્રા ભંડારને મજબૂત કરવા આ લોન લેવાઈ છે.


### ચીન સાથે સંબંધો સારા : રાજનાથસિંહ

ગૃહમંત્રી રાજનાથસિંહે ચીન સાથે ભારતના સંબંધો પર કહ્યુ છે કે ચીન સાથે ભારતના સંબંધો સારા છે. બોર્ડર સંબંધિત જે મામલાઓ છે તેને વાતચીત દ્વારા ઉકેલવામાં આવશે તેમ તેમણે કહ્યુ છે.

## ગાંધીનગરમાં મોડીરાત્રે ચક્કાજામના દૃશ્યો : 'ઘ' અને 'ચ' માર્ગ પર ટ્રાફીક જામ







## આજે ગાંધીનગર-અમદાવાદ બંધનું એલાન

ગાંધીનગર, તા. ૧૭

મોડી સાંજે જિગ્નેશ મેવાણીએ આવતીકાલે તા. ૧૮મીએ ગાંધીનગર તથા અમદાવાદ બંધનું એલાન જાહેર કર્યું હતુ. આ સાથે મેવાણીએ દલિતોને અમદાવાદના સારંગપુર ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે થાળી-વેલણ સાથે એકઠાં થવા આહવાન કર્યુ છે. જિગ્નેશ મેવાળીએ કહ્યું હતું કે 'પિડીત પરિવારે જમીનથી વંચિત દલિતો માટે જમીનની માંગ કરી હતી પોતાને માટે નહી, ભલે આખી રાત રોડ પર રહેવુ પડે પરંતુ અમે રહીશું અને લડત આપીશુ.'

દલિત કર્મશીલ ભાનુભાઈના મૃત્યુના સમાચારના પગલે ગાંધીનગર સહિત રાજ્યભરમાં ભારે અજંપો વ્યાપી ગયો હતો. આવતીકાલના બંધના એલાનના પગલે પોલીસ બંદોબસ્ત વ્યાપક ગોઠવાઈ રહ્યો હોવા છતાં આવતીકાલે લગ્ન પ્રસંગો મોટી સંખ્યામાં હોવાથી ભારે હાલાકી સર્જાવાની દહેશત વર્તાય છે.

### કોણે શું કહ્યું ?

"કોંગ્રેસ પાર્ટી મૃતક તથા પીડિત પરિવારની સાથે છે."

**- પરેશ ધાનાણી, નેતા, વિપક્ષ**

"આ માત્ર દલિતોનો પ્રશ્ન નથી, તમામ સમાજે જાગૃત થવું પડશે અને સરકાર સામે એક થવુ પડશે. આ માત્ર દલિતોના અધિકારની વાત નથી."

**- હાર્દિક પટેલ, પાસનેતા**

"રાજ્ય તથા કેન્દ્ર સરકારો દલિત વિરોધી માનસિકતા ધરાવે છે. પીડિત પરિવારની માંગો વ્યાજબી છે. સરકારે ભાનુભાઈના પરિવાર અન્ય દલિતોને ઝડપથી જમીન ફાળવણી કરવી જોઈએ."

**- જીજ્ઞેશ મેવાણી, ધારાસભ્ય**

"સરકાર તથા વ્યવસ્થા તંત્ર સામે આ એક શરમજનક ઘટના છે."

**- અલ્પેશ ઠાકોર, ધારાસભ્ય**

### રાજ્ય સરકાર અત્યંત સંવેદનશીલ છે

દુદખાના પરિવારજનોને મદદરૂપ થવા માટે શ્રી ભાનુભાઈ વણકરે પોતાના શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટીને અગ્નિદાહ આપ્યો હતો અને તેમનું મૃત્યુ થયું છે, તે માટે રાજ્ય સરકાર દુઃખની લાગણી વ્યક્ત કરે છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ અત્યંત સંવેદનશીલતાથી કમનસીબ ઘટના પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી છે અને અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ થવા રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રયત્નો કરશે.

- નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

HURRY UP
LIMITED SEATS
12000/-
ONLY FIRST
20 ADMISSION
Rashmika A. Trivedi
M. 81416 11819
Tender Touch
Baby Sitting, Play Group, Nursery
ADMISSION OPEN
Plot No-16, Swastik Society,
Gujarat Housing Board, Sector-21, Gandhinagar

RAJVEE
FOOD CORNER
The Taste of Royal Essence
PUNJABI | CHINESE | FAST FOOD
DALBATI | KATHIDAWADI
BANQUET
Birthday Party | Small Gathering | Office Meeting
LIVE KITCHEN
Shop No.1, Ground Floor, Pratik Mall,
Near City Pulse, Kudasan, Gandhinagar.
Phone : 079 6572 0001
Mobile : +91 9099884444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in